# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

- દિલ્હીમાં કોચિંગ સેન્ટર દુર્ઘટના મામલે રાજ્યસભાની ચર્ચામાં દિલ્હી સરકારની બેદરકારીની મોટાભાગના પક્ષોએ તપાસની માંગણી કરી
- લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસ્તી ગણતરી અને ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવની કાયદાકીય ગેરંટી આપવાની માંગ કરી
- દરિયાઇ સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા માટે કોસ્ટ ગાર્ડ માટે અત્યાધુનિક 22 જેટલી ઇન્ટરસેપ્ટ બોટ ખરીદવામાં આવશે..
- લેબેનોનમાં ચાલી રહેલા સંઘર્ષના પગલે લેબેનોન સ્થિત ભારતીયોને સાવધ રહેવા ભારતીય દૂતાવાસે ચેતવણી જાહેર કરી
- પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય શૂટર અર્જુન બબૂતા ચોથા સ્થાને રહ્યાં જ્યારે પૂરષોની હોકીમાં ભારત અને આર્જેન્ટિના વચ્ચેની મેચ ડ્રોમાં પરિણમી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**RAJY SABHA COACHING**

દિલ્હીની એક કોચિંગ સંસ્થામાં વિદ્યાર્થીઓના મૃત્યુની તાજેતરની દુ:ખદ ઘટના પર રાજ્યસભાએ ટૂંકા ગાળાની ચર્ચા હાથ ધરી હતી. ચર્ચાની શરૂઆત કરતા ભાજપના ડો. સુધાંશુ ત્રિવેદીએ આ ઘટનાને ગુનાહિત બેદરકારી ગણાવતા તેમજ આ બાબતે વિગતવાર તપાસ અને જવાબદારીઓ નક્કી કરવાની માંગણી કરી હતી. દિલ્હી સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા..

ટીએમસીના ડેરેક ઓ'બ્રાયને પણ આ ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, આ મામલે બેદરકારી થઈ છે અને જવાબદારોને જવાબદાર ઠેરવવા જોઈએ.

આમ આદમી પાર્ટીના સ્વાતિ માલીવાલે જવાબદાર તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. અને દિલ્હી સરકારે દરેક યુવકોના મૃત્યુ માટે વળતર તરીકે એક કરોડ રૂપિયા આપવા જોઈએ તેવી માંગણી પણ કરી હતી.

અગાઉ, ટૂંકા ગાળાની ચર્ચાને મંજૂરી આપતા, રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે જણાવ્યું હતું કે આ મુદ્દો દેશના આશાસ્પદ યુવાનો, શહેરી માળખાકીય સુવિધાઓ તેમજ શાસનના અન્ય પાસાઓની ચિંતા કરે છે. અધ્યક્ષે કહ્યું કે, કોચિંગ વર્ચ્યુઅલ રીતે વ્યવસાય બની ગયું છે

ચર્ચાનો જવાબ આપતાં, આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે યુવાનોના મૃત્યુને પરિવારો અને રાષ્ટ્ર માટે અપુરતી ખોટ ગણાવી હતી. મંત્રીએ કહ્યું કે આ બાબતે જવાબદારી ચોક્કસપણે નક્કી થવી જોઈએ. તેમણે દુર્ઘટના માટે એજન્સીઓના અયોગ્ય અભિગમને જવાબદાર ઠેરવ્યો હતો..

## REV EVE. LS- BUDGET DISCUSSION

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસ્તી ગણતરી અને ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવની કાયદાકીય ગેરંટી આપવાની માંગ કરી છે. આજે લોકસભામાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા દરમિયાન તેમણે કહ્યું કે બજેટમાં

લઘુત્તમ ટેકાના ભાવની કાયદાકીય ગેરંટી ખેડૂતોને મદદ કરશે. તેમણે અગ્નિવીર યોજના પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે કેન્દ્રીય બજેટમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગ માટે કંઈ આપવામાં આવ્યું નથી. તેમણે પેપર લીક મુદ્દે પણ વાત કરી અને કહ્યું કે આ મુદ્દો યુવાનોને અસર કરી રહ્યો છે. શ્રી ગાંધીએ મધ્યમ વર્ગ પર કરવેરાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ડિલિસ્ટિંગ અને કેપિટલ ગેઈન ટેક્સ વધારવાથી મધ્યમ વર્ગ પર વિપરીત અસર પડશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રાહુલ ગાંધીની કેટલીક ટિપ્પણીઓ સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેમના પર સ્પીકરની ગરિમા ઓછી કરવાનો આરોપ લગાવ્યો હતો. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અગ્નિવીર યોજના પર શ્રી ગાંધીની ટિપ્પણી પર કહ્યું કે વિરોધ પક્ષના નેતા દ્વારા યોજના વિશે ગેરસમજ ઊભી કરવામાં આવી છે અને તેઓ ગૃહમાં અગ્નિવીર યોજના પર ચર્ચા કરવા તૈયાર છે.

ચર્ચામાં દરમિયાનગીરી કરતાં આરોગ્ય રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે એનડીએ સરકારે આ બજેટમાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ, ગરીબ અને મધ્યમ વર્ગને પ્રાથમિકતા આપી છે. સરકારે 500 ટોચની કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવા માટેની યોજનાની પણ જાહેરાત કરી છે.

અગાઉ ,સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવે કહ્યું કે શિક્ષણ ક્ષેત્ર માટે બજેટની ફાળવણીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે દેશમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે.

તેમણે અગ્નિવીર યોજના અને જાતિની વસ્તી ગણતરીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે બજેટમાં આરોગ્ય ક્ષેત્ર માટે ઓછું ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. શ્રીમતી યાદવે કહ્યું કે દેશમાં ડોકટરો, નર્સો અને ટેક્નિશિયનોની ભારે અછત છે.

ભારતીય જનતા પાર્ટીના સુરેશ કુમાર કશ્યપે બજેટની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આ બજેટ દેશને નવી દિશા આપશે અને તેને આત્મનિર્ભર બનાવશે. શ્રી કશ્યપે કહ્યું કે 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા છે અને યુવાનો અને મહિલાઓ માટે બજેટમાં ઘણી પહેલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ત્રણ કરોડ ઘર બનાવવાની જાહેરાત ગરીબો માટે મોટી ભેટ છે. તેમણે કહ્યું કે દેશના યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે બજેટમાં શિક્ષણ, રોજગાર અને કૌશલ્ય વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

## RAJNATH DAV

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠક પૂર્ણ થઇ હતી. આ બેઠકમાં, ભારતીય સેનાના આર્મર્ડ ફાઇટીંગ વ્હીકલ માટે એડવાન્સ્ડ લેન્ડ નેવિગેશન સિસ્ટમની પ્રાપ્તિ માટે આવશ્યકતાની સ્વીકૃતિ સહિત વિવિધ મૂડી સંપાદન દરખાસ્તો પર વિચારણા કરવામાં આવી હતી.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય કોસ્ટ ગાર્ડની ક્ષમતાઓને વધારવા માટે, DAC એ નવીનતમ અત્યાધુનિક સિસ્ટમ સાથે 22 ઇન્ટરસેપ્ટર બોટ માટે દરખાસ્તને મંજૂરી આપી છે. આ બોટનો ઉપયોગ દરિયાકાંઠાની દેખરેખ અને પેટ્રોલિંગ, શોધ અને બચાવ કામગીરી, તબીબી સ્થળાંતર સહિત માટે કરવામાં આવશે.

આ સાધનો ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ પાસેથી ભારતીય-સ્વદેશી રીતે ડિઝાઈન કરેલી વિકસિત અને ઉત્પાદિત શ્રેણી હેઠળ ખરીદવામાં આવશે.

## RS-UDAN

DAN યોજના હેઠળ હાલમાં 13 હેલીપોર્ટ અને 2 વોટર એરોડ્રોમ સહિત 85 એરપોર્ટને જોડતા કુલ 579 રૂટ કાર્યરત કરવામાં આવ્યા છે.

નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરીલીધર મોહોલે આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. મંત્રીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે દેશભરમાં 21 નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટની સ્થાપના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમાંથી 12 ગ્રીનફિલ્ડ એરપોર્ટ છેલ્લા 10 વર્ષમાં કાર્યરત થયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## MEA ADVISORY-LEBANON

લેબનોન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે આજે એક પ્રવાસ માર્ગદર્શિકા જાહેર કરી છે લેબનોન સ્થિત હિઝબુલ્લાહ જૂથને ઈઝરાયેલની ચેતવણીથી  સંઘર્ષ વધવાની આશંકા ને પગલે આ માર્ગદર્શિકા જાહેર કરાઇ છે.

જેમાં કહેવામાં આવ્યું છે કે લેબનોનમાં ભારતીયો અથવા જેઓ લેબનોન જવાની યોજના બનાવી રહ્યા છે તેઓએ બેરુતમાં દૂતાવાસના સંપર્કમાં રહેવું જોઈએ. એક્સ પરની એક પોસ્ટમાં, ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિકોને સાવચેતી રાખવાની અને બેરૂતમાં ભારતીય દૂતાવાસ સાથે તેમના ઇમેઇલ આઈડી દ્વારા સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે.

લેબનોનમાં, ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ જૂથ વચ્ચે તણાવ વધવાને કારણે બેરૂત એરપોર્ટ પર ફ્લાઇટ્સ આજે રદ કરવામાં આવી હતી. શનિવારે ઇઝરાયેલના કબજા હેઠળના ગોલાન હાઇટ્સમાં થયેલા હુમલામાં 12 બાળકો અને કિશોરોના મોત થયા બાદ આ પરિસ્થિતિ સર્જાઇ છે.

# BIHAR TRAIN

બિહારમાં, નવી દિલ્હી જતી બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસના ડબ્બા આજે સવારે એન્જિનથી અલગ થઈ ગયા હતા.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂર્વ મધ્ય રેલવેના સોનેપુર ડિવિઝનમાં પુસા ખાતે ખુદી રામ બોઝ રેલવે સ્ટેશન નજીક ટ્રેનનું એક કપલિંગ તૂટી ગયું હતું. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી બાદમાં  એન્જિનને ટ્રેન સાથે જોડી દેવામાં આવ્યું અને ટ્રેન નવી દિલ્હી માટે રવાના કરાઇ હતી .બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ દરભંગા અને નવી દિલ્હી વચ્ચે ચાલે છે.

# LS-ESHRAM

29 કરોડથી વધુ અસંગઠિત કામદારોએ એ ઇ -શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવી છે.

શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શોભા કરંદલાજેએ આજે લોકસભામાં ગૃહમાં જણાવ્યું હતું કે આ મહિનાની 22મી તારીખ સુધી 29 કરોડ 82 લાખથી વધુ અસંગઠિત કામદારોએ એ ઇ શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવી છે. એક પ્રશ્નના  લેખિત જવાબમાં, તેમણે માહિતી આપી હતી કે આધાર સાથે જોડાયેલા અસંગઠિત કામદારોનો રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા માટે કેન્દ્રએ ઓગસ્ટ 2021 માં ઇ શ્રમ  પોર્ટલ શરૂ કર્યું હતું. આ પોર્ટલનો ઉદ્દેશ્ય અસંગઠિત કામદારોને યુનિવર્સલ એકાઉન્ટ નંબર અને ઇ શ્રમ   કાર્ડ આપીને તેમની નોંધણી કરીને તેમને સહકાર આપવાનો છે.

# OLYMPICS SHOOTING

પેરિસ ઓલિમ્પિકમાં, ભારતના અર્જુન બબુતાએ પુરુષોની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં ચોથું સ્થાન મેળવ્યું હતું. અર્જુન બીજા  ભારતીય શૂટર છે જે આજે મેડલ ચૂકી ગયા છે, મહિલાઓની 10 મીટર એર રાઇફલ ફાઇનલમાં રમિતા જિંદાલ  પણ સાતમા  સ્થાને રહી હતી.

આ સ્પર્ધામાં, ચીનના શેંગ લિહાઓએ સુવર્ણ, સ્વીડનના વિક્ટર લિન્ડગ્રેને રજત અને ક્રોએશિયાના મિરાન મેરિસિકે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

## OLYMPICS HOCKEY

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય પુરુષ હોકી ટીમની આજે આર્જેન્ટિના સામેની મેચ ડ્રો રહી હતી.

આર્જેન્ટિનાના લુકાસ માર્ટિનેઝે પ્રથમ હાફમાંજીતની ઘણી નજીક હતી ત્યારે કેપ્ટન હરમનપ્રીત સિંહે છેલ્લી મિનિટની શરૂઆત પહેલા કરેલ ગોલ થી મેચ 1-1ની બરાબરી પરપૂરી થઈ હતી .

ભારતીય પુરૂષ હોકી ટીમ હવે આયરલેન્ડ સામે રમશે, જે ઓસ્ટ્રેલિયા સામે 1-2થી હારી ગઈ હતી.

## SHIVRAJ-CG CM MEETING

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા સાથે બેઠક કરી હતી. બેઠકમાં તેઓએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. બેઠકમાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર છત્તીસગઢમાં દરેક ગરીબ માટે આવાસ અને રસ્તાઓના વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારો સંયુક્ત રીતે રાજ્યના જન કલ્યાણના કાર્યોને પૂર્ણ કરશે.